## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા જીવામૃ ત તૈયાર કરવાની પધ્ધતિનું નિદર્શન

અત્રેની કચેરી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ તથા ક્ષેત્રીય જૈવિક ખેતી કેન્દ્ર, ભારત સરકાર, નાગપુર દ્વારા સાંસદ એડોપ્ટેડ આદર્શ ગ્રામ, બેચરી તથા મઘરોલ ગામ ખાતે જીવામૃત બનાવવાની તાલીમ તથા નિદર્શન આપવામાં આવેલ જેમાં બંને ગામમાં ૫૦-૫૦ ખેડુત હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ડો.જી.જી.પટેલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, એ ખેડુત ભાઇઓનું શાબ્દીક સ્વાગત કર્યા બાદ જૈવિક ખેતીની અગત્યતા તથા તેના ફાયદા અંગેની માહિતી આપી. ત્યારબાદ નાગપુરથી પધારેલ ટેકનિકલ ઓફિસર, શ્રી પ્રવિણ વૂટલાએ જીવામૃ ત વિશેની માહિતી આપ્યા બાદ ખેડુતોને જીવામૃ તબનાવવા માટેનું પ્રત્યક્ષ નિદર્શન આપેલ તથા જીવામૃ ત બનાવવાની પધ્ધતિ શીખવેલ વધુમાં ખેડુતોને સરળતાથી પ્રાપ્ત થઇ શકે તેવા ઇનપુટથી પ્રવાહી ટ્રાયકોડર્મા બનાવવાની પધ્ધતિનું પણ નિદર્શન આપેલ.









